सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| રજુ થયા તારીખ | ૧૮ | ૦૩ | ૨૦૨૫ |
| દાખલ થયા તારીખ | ૧૮ | ૦૩ | ૨૦૨૫ |
| ફેસલ કર્યા તારીખ | ૧૨ | ૦૩ | ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ | માસ | દિન |
| | ૦૦ | ૧૧ | ૨૨ |

**વાગરાના મહે. એડી. ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**

**મુકામ–વાગરા**

**ફોજદારી કેસ નં. ૭૫૧/૨૦૨૫**
**આંક :– ૩૪**

**ફરીયાદી :–** શ્રી સરકાર,
ભરૂચ મહિલા પોલીસ સ્ટેશન, ભરૂચ.

**:વિરુધ્ધ:**

**આરોપી :–** (૧) **મહેન્દ્રભાઈ ભરતભાઈ પરમાર,**
(૨) **નયનાબેન ભરતભાઈ પરમાર,**
બંને રહે. પખાજણ, પરમાર ફળીયુ,
તા. વાગરા, જિ. ભરૂચ.
(૩) **ભાવનાબેન યુવરાજસિંહ સોલંકી,**
રહે. ઘર નં. ૮૩, રાજીવનગર–૨, મીરા સોસાયટીની
બાજુમાં, દિવાળીપુરા રોડ, વડોદરા. જિ. વડોદરા
મુળ રહે. ધારાપુર ગામ રોડ પર,
તા. શહેરા, જિ. પંચમહાલ.

| |
|---|
| //ફરીયાદપક્ષ તરફે વિ. એ.પી.પી......................શ્રી જે.જી.વસાવા// |
| //આરોપી નં. ૧ અને ૨ તરફે વિ.વ.શ્રી....................જે.એચ.કાદરી// |
| //આરોપી નં. ૩ તરફે વિ.વ.શ્રી...........................એમ.એમ.રાજ// |

**ગુનો :-** **બી.એન.એસ કલમ-૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૫૪ તથા દહેજધારા કલમ-૪ મુજબ**

## : જજમેન્ટ :

### (૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત :-

સદર ફરીયાદીની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના ફરીયાદીબેનને આરોપી નં. ૧ પતિ, નં. ૨ સાસુ, નં. ૩ આરોપી નં. ૧ની પ્રેમીકા તથા નં. ૪ આરોપી નં. ૩ ની દિકરી થાય છે. આરોપી નં. ૧ ફરીયાદીબેનને દારુ પી આવી નાની-નાની બાબતે લડાઇ-ઝઘડો કરી ખરાબ ખરાબ ગાળો બોલી મારઝૂડ, શારીરિક માનસિક ત્રાસ આપતા હોય અને આરોપી નં. ૧ નુ આરોપી નં. ૩ સાથે પ્રેમ સબંધ હોય જેથી આરોપી નં. ૧,૩ તથા આરોપી નં. ૪ ફરીયાદીબેનના ઘરે જઇ લડાઇ ઝઘડો કરી આરોપી નં. ૩ નાઓએ ફરીયાદીબેનને કહેલ કે, તુ તારા ભાયડાને ભુલી જા અને સીધી રીતે આ ઘરમાંથી નીકળી જા તારુ ઘર પણ અમારુ છે તેમ કહી ફરીયાદીબેન સાથે લડાઇ ઝઘડો કરી ખરાબ ગાળો બોલી મારઝુડ કરેલ અને આરોપી નં. ૨ ફરીયાદીબેનને તુ તારા માતાપિતાના ઘરેથી કશુ લઇને આવી નથી તારા પિયરમાંથી ૧૫ લાખ રૂપિયા લઇ આવ અને તુ પૈસા નહી લાવે તો તને આ ઘરમાં રહેવા મળશે નહી તેમ કહી મહેણા ટોણા મારી હેરાન પરેશાન કરી દહેજની માંગણી કરેલ હોય અને આરોપી નં. ૧,૨ અને ૩ નાઓ ફરીયાદીબેનને છુટાછેડા આપવા માટે વારંવાર દબાણ કરી માનસિક ત્રાસ આપતા હોય, તથા આરોપી નં. ૩ અને ૪ ફરીયાદીબેનને વારંવાર ફોન કરી ખરાબ ખરાબ ગાળો બોલી માનસિક રીતે ટોર્ચર કરતા હોય આમ તમામ આરોપીઓએ ફરીયાદીબેન સાથે લડાઇ

ઝઘડો કરી  ખરાબ ખરાબ ગાળો બોલી હેરાન પરેશાન કરી શારીરિક માનસિક ત્રાસ આપી એકબીજાની મદદગારી કરી આરોપીઓએ બી.એન.એસ કલમ–૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૫૪ તથા દહેજધારા કલમ–૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કર્યાનો આરોપ છે.

## (૨) પોલીસ કાર્યવાહી :–

આમ, ઉપરોકત હકીકત મુજબની કરીયાદ ફરીયાદીએ મહિલા પોલીસ સ્ટેશન, ભરૂચમાં દાખલ કરતાં મહિલા પો.સ્ટે ગુ.ર.નં. પાર્ટ એ ૧૧૧૯૯૦૦૨૨૪૦૦૧૮/૨૦૨૪ થી ગુનો દાખલ કરેલ, જે ફરીયાદના કામે તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપી વિરુધ્ધની મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલા ગુનાની સંપૂર્ણ તપાસ કરી, લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો મેળવીને તપાસના અંતે આ કામના આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા મળી આવતા બી.એન.એસ કલમ–૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૫૪ તથા દહેજધારા  કલમ–૪ મુજબ_ મુજબનાં ગુનાની ચાર્જશીટ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, ભરૂચ મુકામે દાખલ કરેલ.

## (૩) કોર્ટ કાર્યવાહી :–

આ કામે ત.ક.અધિકારીશ્રી દવારા આરોપી સામે ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, ભરૂચની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યા બાદ સદર ગુનાના કામે ભોગ બનનાર તે કોર્ટની હકુમત બહારના રહેવાસી હોય તથા  ગુનો પણ સદર કોર્ટની હકુમત બહાર બનેલ હોય તેમજ ગુનો વાગરાની કોર્ટ હકુમતમાં આવતુ હોય ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, ભરૂચ દવારા સદર ચાર્જશીટ અત્રેની કોર્ટમાં મોકલવાનો તા. ૨૧/૦૨/૨૦૨૫ ના રોજ હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ સદર ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કર્યા બાદ આરોપીઓને સમન્સ કાઢવામાં આવતા આરોપીઓ તેમના વિધ્વાન વકિલશ્રી મારફત અદાલતની રૂબરૂ ઉપસ્થિત થતા આરોપીઓને

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપ્યા બાદ સદર ગુનો સમન્સ ટ્રાયેબલ હોય તે મુજબની કાર્યવાહી અપનાવવામાં આવેલ અને આરોપીઓ સામે **આંક–૦૪** થી તહોમતનામુ ફરમાવી આરોપીઓનું સ્ટેટમેન્ટ **આંક–૦૫ થી આંક–૦૭** મુજબ લેતા આરોપીઓએ ગુનાનો ઈન્કકાર કરેલો, જેથી સદર કામ પુરાવા પર રહેલ.

ફરીયાદપક્ષે **આંક–૨૭** થી સમાધાન પુરસીસ રજુ કરી આરોપી નં. ૩ સાથે ફરીયાદીને સુખદ સમાધાન થઈ ગયેલ હોય, બી.એન.એસ. કલમ–૧૧૫(૨) તથા ૩૫૨ પુરતુ સમાધાન માટે પુરસીસ રજુ કરેલ છે. જે કામે પક્ષકારોનુ સમાધાન સ્વૈચ્છિક હોવા અંગેની ખાતરી કરતા તથા વિ.એ.પી.પી.શ્રીનો શેરો ધ્યાને લેતા સમાધાન સ્વૈચ્છિક જણાતુ ન હોય, સમાધાન નામંજુર કરવામાં આવેલ છે.

## (૪) ફરીયાદપક્ષનો પુરાવો :–

ફરીયાદપક્ષ તરફે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

### :: મૌખિક પુરાવો ::

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૯ | ફરીયાદી શ્વેતાબેન મહેન્દ્રભાઇ પરમારની જુબાની |
| ૨. | ૩૦ | સાહેદ વનરાજસિંહ પરબતસિંહ રાઠોડની જુબાની |
| ૩. | ૩૧ | સાહેદ કલ્પનાબેન વનરાજસિંહ રાઠોડની જુબાની |
| ૪. | ૩૨ | સાહેદ યોગેશ્વરીબેન અલ્પેશભાઇ ગોહિલની જુબાની |

### :: દસ્તાવેજી પુરાવો ::

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૨૦ | પોલીસ અધિક્ષક ભરૂચ સમક્ષ આપેલ ફરીયાદ |
| ૨. | ૨૧ | અસલ ફરીયાદ |

આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ પુરાવો આપેલ નથી અને ફરીયાદપક્ષે **આંક–૩૩** થી કલોઝીંગ પુરસીસ રજુ રાખતા તેના આધારે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આ કામે આરોપીઓનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ, જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાનો ઈન્કાર કરેલ છે અને પોતે સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે પોતાનાં બચાવમાં કોઈ સાહેદને પણ તપાસેલ નથી. આરોપીઓએ વિશેષમાં જણાવેલ છે કે, "અમો તદ્દન નિર્દોષ છીએ. અમોએ કોઇ આક્ષેપીત ગુનો આચરેલ નથી, સદર ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે.''

(૬) **દલીલો:–**

સદર કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રી જે.જી.વસાવા તથા આરોપી નં. ૧ અને ૨ તરફે વિ. વ. શ્રી જે.એચ.કાદરી તથા આરોપી નં. ૩ તરફે વિ.વ.શ્રી એમ.એમ.રાજ ની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) કામે ઉભય પક્ષકારો તરકે કરવામાં આવેલ દલીલો, ફરીયાદ તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવો વંચાણે લેતા હાલનાં કેસનાં નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદા નં. ૧ :–** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નં. ૧ ફરીયાદીબેનને દારુ પી આવી નાની–નાની બાબતે લડાઇ–ઝઘડો કરી ખરાબ ખરાબ ગાળો બોલી મારઝૂડ, શારીરિક માનસિક ત્રાસ આપતા હોય અને આરોપી નં. ૧ નુ આરોપી નં. ૩ સાથે પ્રેમ સબંધ હોય જેથી આરોપી નં. ૧,૩ તથા આરોપી નં. ૪ ફરીયાદીબેનના ઘરે જઇ લડાઇ ઝઘડો કરી આરોપી નં. ૩ નાઓએ ફરીયાદીબેનને કહેલ કે, તુ તારા

ભાયડાને ભુલી જા અને સીધી રીતે આ ઘરમાંથી નીકળી જા તારુ ઘર પણ અમારુ છે તેમ કહી ફરીયાદીબેન સાથે લડાઇ ઝઘડો કરી ખરાબ ગાળો બોલી મારઝુડ કરેલ અને આરોપી નં. ૨ ફરીયાદીબેનને તુ તારા માતાપિતાના ઘરેથી કશુ લઇને આવી નથી તારા પિયરમાંથી ૧૫ લાખ રૂપિયા લઇ આવ અને તુ પૈસા નહી લાવે તો તને આ ઘરમાં રહેવા મળશે નહી તેમ કહી મહેણા ટોણા મારી હેરાન પરેશાન કરી દહેજની માંગણી કરેલ હોય અને આરોપી નં. ૧,૨ અને ૩ નાઓ ફરીયાદીબેનને છુટાછેડા આપવા માટે વારંવાર દબાણ કરી માનસિક ત્રાસ આપતા હોય, તથા આરોપી નં. ૩ અને ૪ ફરીયાદીબેનને વારંવાર ફોન કરી ખરાબ ખરાબ ગાળો બોલી માનસિક રીતે ટોર્ચર કરતા હોય આમ તમામ આરોપીઓએ ફરીયાદીબેન સાથે લડાઇ ઝઘડો કરી ખરાબ ખરાબ ગાળો બોલી હેરાન પરેશાન કરી શારીરિક માનસિક ત્રાસ આપી એકબીજાની મદદગારી કરી આરોપીઓએ બી.એન.એસ કલમ-૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૫૪ તથા દહેજધારા કલમ-૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**મુદ્દા નં. ૨ :-** શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો નીચે મુજબ છે.

**મુદ્દા નં. ૧ :-** નકારમાં

**મુદ્દા નં. ૨ :-** આખરી હુકમ મુજબ

## :: કારણો ::

**મુદ્દા નં. ૧ :-**

(૯) આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં સૌપ્રથમ ફરીયાદી શ્વેતાબેન મહેન્દ્રભાઇ પરમારને **આંક-૧૯** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, મારા લગ્ન તા.૧૪/૩/૨૦૧૩ ના રોજ

મહેન્દ્રભાઈ ભરતભાઈ પરમાર સાથે, સમાજના રીત રિવાજ મુજબ થયેલા આ લગ્ન જીવનથી મારે બે બાળકોનો જન્માં થયેલો જેમા મોટી દિકરી નામે પલ્લવી હાલ ઉ.વ. ૧૦ અને નાનો દિકરો નામે કાર્તીક ઉ.વ. ૭ નો છે. જે હાલ અમારી સાથે છે. મારા પતિ સાથે છેલ્લા બે વર્ષ અગાઉ, અકસ્માત થયેલ જેના કારણે પગના ભાગે ઈજા થયેલી જેથી તેઓ વડોદરા ભાવનાબેનના ઘરે ગયેલા અને તેઓ ત્યા છ–સાત મહિના જેટલુ રોકાયેલા અને હુ ફોન કરતી હતી ત્યારે ભાવનાબેન ફોન ઉઠાવતા હતા અને કહેતા હતા કે તારા ભાયડાને ભુલી જજે કારણ કે મારા પતિ ભાવનાબેનના ઘરે રોકાયેલા જેથી મે જંબુસર મુકામે નારીકેન્દ્રમા તથા ભરૂચ મહિલા પોલીસ સ્ટેશનમા અરજી આપેલી અને ત્યારબાદ મે મેહરબાન ફેમીલી કોર્ટ ભરૂચ ખાતે ભરણપોષણનો કેસ કરેલો. મારે તથા મારા પતિ અને સાસુ સાથે સમાધાન થઈ ગયેલ અને સમાધાન મુજબ હાલ મારા પતિ અને સાસુ સાથે મારા બાળકો સાથે પખાજણ મુકામે રહુ છુ જે આશરે એકાદ માસથી રહુ છુ. મારે આરોપી નં.૩ સાથે સમાધાન થયેલ નથી. આરોપી નં.૩ ભાવનાબેન મને ફોન કરીને ગંદી ગંદી ગાળો આપતા હતા અને મારે તથા મારા પતિને સમાધાન થઈ ગયેલ હોય જેથી મને તથા મારા પતિને સાથે રહેવા દેવા માંગતા ના હોય જેથી ગાળો આપતા હતા. મને મારા પતિ કે મારા સાસુએ શારીરીક માનસિક ત્રાસ આપેલ હોય કે ખરાબ ગાળો બોલી મારઝુડ કરેલ હોય તેમ બનેલ નથી કે મને છુટાછેડા આપી દેવા દબાણ કરતા હોય તેમ પણ બનેલ નથી. મે પોલીસ અધિક્ષક ભરૂચને કરેલ અરજી બતાવવામા આવે છે જેમા અરજી કરનાર તરીકે મારી સહી છે જે ઓળખુ છુ. જે અરજી **આંક–૨૦** થી રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ મારી અરજી અનુસંધાને મહિલા પોલીસ દ્વારા મારી ફરીયાદ નોંધવામા આવેલી જે અસલ ફરીયાદ બતાવવામા આવે છે તે જોઈને કહુ છુ કે તેમા ફરીયાદી તરીકે મારી સહી છે જે ઓળખુ છુ જે અસલ ફરીયાદ **આંક–૨૧** થી રજુ કરવામા આવેલ છે. સદર ફરીયાદી ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય સદર ફરીયાદીને ફરી ગયેલા જાહેર થયેલ છે ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીની વિગતવારની ઉલટતપાસમાં તેઓ એ હકિકતો કબુલ કરે છે કે, મે મારી તા.૩૧/૦૮/૨૦૨૪ ના રોજની પોલીસ રૂબરૂની ફરીયાદમા એવી હકિકત

લખાવેલ કે મારા પતિને ભાવના સાથે ચાર વર્ષથી પ્રેમ સંબધ છે. મારી પોલીસ ફરીયાદમા એવી હકિકત લખાવેલ કે મારો પતિ તથા ભાવના અને તેણી દિકરી મારા ઘરે વાવ ખાતે આવેલ અને ભાવનાએ મને કહેલ કે તુ તારા ભાયડાને ભુલી જા અને સીધી રીતે આ ઘરમાથી નીકળી જા તારૂ ઘર પણ અમારૂ છે તેમ કહી મારી સાથે લડાઈ ઝગડો કરી ખરાબ ખરાબ ગાળો બોલી મારી સાથે મારઝુડ કરી જતા રહેલ અને ભાવનાની દિકરી સ્નેહા પણ મને તેના મોબાઈલ નંબર-૮૭૯૯૧૬૨૫૬૫ પરથી ફોન કરી ખરાબ ખરાબ ગાળો બોલેલ. મારા પતિ તથા મારી સાસુ અને ભાવના મને વારંવાર છુટાછેડા આપી દેવા માટે, દબાણ કરે છે અને તા.૦૬/૦૪/૨૦૨૪ ના રોજ મારા પતિએ મને છુટાછેડા માટેની નોટિસ મોકલેલ છે. ભાવના પણ મને તેના અલગ અલગ મો. ૬૩૫૩૩૧૨૦૭૮૩, ૯૩૧૩૫૩૨૭૨૪ પરથી ફોન કરી મને વારંવાર ખરાબ ખરાબ ગાળો બોલી માનસિક ટોર્ચર કરે છે. મારા બાળકોને ખવડાવવા માટે મારી પાસે પૈસા ન હોય જેથી હુ આજુબાજુના ઘરમા વાસણ ઘસવાનુ કામ કરી મારા બાળકોનુ ગુજરાન ચલાવુ છુ અને મારો પતિ છેલ્લા સાત મહિનાથી ભાવના સાથે રહે છે અને મારી કે મારા બાળકોની કોઈ ખબર અંતર પુછેલ નથી જેથી મે અરજી કરેલ અને અરજીના કામે મને તથા મારા પતિને ભેગા કરી કાઉન્સીલ કરાવતા મારા પતિ મને બે દિવસમા તેડી જવાના હતા પરંતુ મારા પતિ મને તેડવા આવેલ નહી અને ભાવના પણ મને વારંવાર ફોન કરી માનસિક ત્રાસ આપતી હોય અને મારા સાસુ પણ તેના દિકરાનુ ઉપરાણુ લઈ મારી સાથે લડાઈ ઝગડો કરી ખરાબ ખરાબ ગાળો બોલતા હોય અને હાલ મારો પતિ ભાવનાના ઘરે રહેતો હોય અને મને ફોન કરી હેરાન પરેશાન કરી માનસિક ત્રાસ આપતા હોય મારો પતિ મારી તથા મારા બાળકોની ખબર અંતર પૂછતો ન હોય કે કોઈ પણ પ્રકારના પૈસા પણ આપતો ના હોય જેથી મે સામાવાળાઓ વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા ફરીયાદ કરેલી છે. પોલીસે તા.૦૫/૦૯/૨૦૨૪ ના રોજ મારૂ વિશેષ નિવેદન નોંધેલ જેમા એવી હકિકત લખાવેલ કે, તા.૩૧/૦૮/૨૦૨૪ ના રોજ મારા પતિ તથા સાસુ તથા મારા પતિ સાથે આડા સંબધ રાખતી ભાવનાબેન યુવરાજસિહ સોલંકી તથા તેની દિકરી સ્નેહા તે યુવરાજસિહ સોલંકી વિરૂધ્ધમા આપેલ ફરીયાદ મને વાંચી

બતાવી જે સંબધે પુછતા લખાવુ છુ કે આ ફરીયાદ મારા લખાવ્યા મુજબ બરાબર અને ખરી છે પરંતુ મે ફરીયાદમા મારા પતિ તથા મારા પતિ સાથે આડા સંબધ રાખતી ભાવના તથા તેની છોકરી સ્નેહા સાથે આશરે ત્રણેક મહિના પર બપોરના દોઢેક વાગ્યે ઘરે એકલી હતી ત્યારે મારા પતિ સાથે આવેલા હતા ત્યારે અમારા ઘરના કાગળો ભાવના લેવા આવેલ ત્યારે ભાવનાએ મને મારઝુડ કરેલ અને કાગળો માંગતા હતા જેથી મે દહેજ પો.સ્ટે.મા ફોન કરેલ જેથી પોલીસ સાદા ડ્રેસમા આવેલી અને મારા પતિએ તથા ભાવનાએ મને મારઝુડ કરેલ પરંતુ મે દવાખાનામા કોઇ સારવાર કરાવેલ નહિ. હુ આરોપીઓને જોયેથી ઓળખુ છુ જેઓ આજ રોજ નામદાર કોર્ટમા હાજર છે તે જ છે.

ત્યારબાદ સદર ફરીયાદી આરોપી નં. ૧ અને ૨ ના વિ.વ.શ્રી દ્વારા કરવામા આવેલ ઉલટતપાસમાં એ હકિકતો કબુલ કરે છે કે, મારા લગ્ન આરોપી નં.૧ સાથે સને-૨૦૧૩ મા થયેલા. લગ્ન બાદ હુ મારી સાસરીમા પંખાજણ મુકામે આરોપી નં.૧ સાથે રહેવા આવેલી અને સંયકત કુટુંબમા મારા સાસુ અને પતિ સાથે રહેતી હતી. આ લગ્ન જીવનથી અમારે બે બાળકો છે. મારા પતિ અને સાસુ મને સારી રીતે રાખતા હતા અને મારી સાથે લડાઇ ઝગડો કરતા હોય કે મને શારીરીક માનસિક ત્રાસ આપતા હોય તેમ ન હતુ. મારા પતિ તથા સાસુ મારી પાસે દહેજ માંગણી કરતા હોય તેમ બનેલુ નહિ. મારા પતિને આશરે દોઢ વર્ષ પહેલા અકસ્માત થયેલો અને પગે ગંભીર ઈજા થતા તેમને સારવાર માટે વડોદરા લઇ ગયેલા જયા ત્રણ-ચાર મહિના રહેલા, વડોદરા સારવાર દરમિયાન મારા પતિ ત્રણ-ચાર મહિના કોની સાથે રહેલા તેની મને ખબર નથી. વડોદરાથી સારવાર કરાવી આવ્યા બાદ મારા પતિએ મારી સાથે લડાઇ ઝગડો કરેલ હોય તેમ બનેલ નહી કે ફોન મારફતે મને કોઇ ધાક ધમકી આપેલ હોય તેમ બનેલ નહિ. મારા પતિએ મને છુટાછેડાની કોઇ ધમકી આપેલ હોય તેમ બનેલ નહિ. મારા પતિ મારી સાથે આવીને રહે તે માટે મે પોલીસ સ્ટેશનમાં અરજી આપેલી. મારે મારા પતિ સાથે સમાધાન થઇ ગયેલ છે એન હુ છેલ્લા ત્રણ-ચાર માસથી મારા પતિ અને સાસુ સાથે સારી રીતે રહુ છુ. જે તે વખતે મારા પતિ અલગ રહેતા હતા જેથી મે આવેશમાં હાલની ફરીયાદ આપેલી.

ત્યારબાદ સદર ફરીયાદી આરોપી નં. ૩ ના વિ.વ.શ્રી દ્બારા કરવામા આવેલ ઉલટતપાસમાં એ હકિકતો કબુલ કરે છે કે, આરોપી નં. ૩ ને મારી કે મારા પતિ અને સાસુ સાથે કોઇ કૌટુંબિક સબંધો નથી. આરોપી નં. ૩ સાથે પહેલા મારે કોઇ તકરાર થયેલ નથી.

(૧૦) ફરીયાદપક્ષે સાહેદ વનરાજસિંહ પરબતસિંહ રાઠોડને **આંક–૩૦** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, અમો પાંચ ભાઇ–બહેન છીએ. જેમાં સૌથી નાની શ્વેતાબેન છે તેઓ સને ૨૦૧૩માં આ કામના આરોપી નં–૧ સાથે પ્રેમ લગ્ન કરેલ હતા અને લગ્નબાદ તેઓ પ્રથમ દહેજ ખાતે રહેતા હતા ત્યારબાદ પખાજણ મુકામે રહેવા ગયેલા અને તેમના લગ્નજીવનથી તેઓને બે સંતાન એક દિકરી અને એક દિકરો છે. મારા બહેન બનેવી વચ્ચે આજથી ત્રણેક વર્ષ પહેલા બોલાચાલી થયેલી અને ત્યારબાદ શ્વેતાબેન મારા બીજા બહેન નામે, યોગેશ્વરી બહેનના ઘરે અંકલેશ્વર મુકામે રહેવા ગયેલા અને તે અરસામા હુ શ્વેતાબેનને મળેલ હતો અને તે વખતે મારી બહેને જણાવેલ કે મહેન્દ્રસિહને કોઇ અન્ય સ્ત્રી સાથે આડા સંબધો હોવાથી મારી બહેન શ્વેતાબેન અંકલેશ્વર મુકામે મારી બીજી બહેન યોગેશ્વરીબહેનના ઘરે જતા રહેલા. મારા બનેવીનુ અન્ય સ્ત્રી સાથે અફેર હોવા બાબતે મારી બહેન પાસે, તેમના ફોટા તથા ફોનની વિગતો હતી જે આધારે મારી બહેને જણાવેલુ. આ સિવાય બીજુ કંઇ મારી બહેન સાથે થયેલુ નહિ. મારી બહેને આ બાબતે પોલીસ ફરીયાદ કરેલી. શ્વેતાબેન મારી મોટી બહેન સાથે છેલ્લા દોઢ વર્ષથી રહેતા હતા. મારા બનેવીએ કે મારા બહેનના સાસુએ મારી બહેનને કોઇ શારીરિક માનસિક ત્રાસ આપેલ હોય તેવુ બનેલ નહી. સદર સાહેદ ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીની વિગતવારની ઉલટતપાસમાં પણ તેઓ ફરીયાદની હકિકતોનો ઇન્કાર કરેલ છે.

ત્યારબાદ સદર સાહેદ આરોપી નં. ૧ અને ૨ ના વિ.વ.શ્રી દ્બારા કરવામા આવેલ ઉલટતપાસમાં એ હકિકતો કબુલ કરે છે કે, મારી બહેન હાલ તેના પતિ અને સાસુ સાથે પખાજણ મુકામે બાળકો સાથે રહે છે. મારી બહેન–બનેવી વચ્ચે

સમાધાન થઇ ગયેલ છે. તેઓ એ હકિકત કબુલ કરે છે કે, સામાન્ય બોલાચાલી સિવાય બીજું કંઇ બનેલ નહી.

ત્યારબાદ સદર સાહેદ આરોપી નં. ૩ ના વિ.વ.શ્રી દ્વારા કરવામા આવેલ ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, હુ આંકોટ મુકામે રહુ છુ. પોલીસે મારુ ફકત નામ-સરનામુ પુછેલુ.

(૧૧) ફરીયાદપક્ષે સાહેદ કલ્પનાબેન વનરાજસિંહ રાઠોડને **આંક-૩૧** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, મારી નણંદ નામે શ્વેતાબેન છે તેઓએ સને-૨૦૧૩ મા આ કામના આરોપી નં. ૧ સાથે પ્રેમ લગ્ન કરેલ હતા અને લગ્નબાદ તેઓ પ્રથમ દહેજ ખાતે રહેતા હતા ત્યારબાદ પખાજણ મુકામે રહેવા ગયેલા અને તેમના લગ્નજીવનથી તેઓને બે સંતાન એક દિકરી અને એક દિકરો છે. મારા નણંદ-નણંદોઇ વચ્ચે આજથી ત્રણેક વર્ષ પહેલા બોલાચાલી થયેલી અને ત્યારબાદ મારી નણંદ શ્વેતાબેન મારી બીજી નણંદ નામે યોગેશ્વરી બહેનના ઘરે અંકલેશ્વર મુકામે રહેવા ગયેલા અને તે અરસામા હુ શ્વેતાબેનને મળેલ હતી અને તે વખતે મારી બહેને જણાવેલ કે મહેન્દ્રસિહને કોઇ અન્ય સ્ત્રી સાથે આડા સંબધો હોવાથી મારા નણંદ શ્વેતાબેન અંકલેશ્વર મુકામે મારી બીજી નણંદ યોગેશ્વરીબહેનના ઘરે જતા રહેલા. મારા નણંદોઇનુ અન્ય સ્ત્રી સાથે અફેર હોવા બાબતે મારી નણંદ પાસે તેમના ફોટા તથા ફોનની વિગતો હતી જે આધારે મારી નણંદ જણાવેલુ. આ સિવાય બીજુ કંઇ મારી નણંદ સાથે થયેલુ નહિ. મારી નણંદે આ બાબતે પોલીસ ફરીયાદ કરેલી. શ્વેતાબેન મારી મોટી નણંદ યોગેશ્વરીબહેન સાથે છેલ્લા દોઢ વર્ષથી રહેતા હતા. મારા નણંદોઇ એ કે મારા નણંદના સાસુએ મારી નણંદને કોઇ શારીરિક માનસિક ત્રાસ આપેલો હોય તેવુ બનેલ નહી. સદર સાહેદ ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીની વિગતવારની ઉલટતપાસમાં પણ તેઓ ફરીયાદની હકિકતોનો ઇન્કાર કરેલ છે.

ત્યારબાદ સદર સાહેદ આરોપી નં. ૧ અને ૨ ના વિ.વ.શ્રી દ્વારા કરવામા આવેલ ઉલટતપાસમાં એ હકિકતો કબુલ કરે છે કે, મારી નણંદ હાલ તેના પતિ

અને સાસુ સાથે પખાજણ મુકામે બાળકો સાથે રહે છે. તેઓ બંને વચ્ચે સમાધાન થઇ ગયેલ છે. તેઓ એ હકિકત કબુલ કરે છે કે, સામાન્ય બોલાચાલી સિવાય બીજું કંઇ બનેલ નહી.

ત્યારબાદ સદર સાહેદ આરોપી નં. ૩ ના વિ.વ.શ્રી દ્વારા કરવામા આવેલ ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, હુ આંકોટ મુકામે રહુ છુ. પોલીસે મારુ ફકત નામ–સરનામુ પુછેલુ.

**(૧૨)** ફરીયાદપક્ષે સાહેદ યોગેશ્વરીબહેન અલ્પેશભાઇ ગોહિલને **આંક–૩૨** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, અમો સાત ભાઇ–બહેનો છીએ. જેમા સૌથી નાની શ્વેતાબેન છે તેઓ એ સને ૨૦૧૩માં આ કામના આરોપી નં–૧ સાથે પ્રેમ લગ્ન કરેલ હતા અને લગ્નબાદ તેઓ પ્રથમ દહેજ ખાતે રહેતા હતા ત્યારબાદ પખાજણ મુકામે રહેવા ગયેલા અને તેમના લગ્નજીવનથી તેઓને બે સંતાન એક દિકરી નામે પલ્લવી અને એક દિકરો નામે કાર્તીક છે. મારા બહેન–બનેવી વચ્ચે આજથી ત્રણેક વર્ષ પહેલા બોલાચાલી થયેલી અને ત્યારબાદ શ્વેતાબેન મારા ઘરે અંકલેશ્વર મુકામે રહેવા આવી ગયેલા અને તે વખતે મારી બહેને જણાવેલ કે મહેન્દ્રસિહને કોઇ અન્ય સ્ત્રી સાથે આડા સંબધો હોવાથી મારી બહેન શ્વેતાબેન અંકલેશ્વર મુકામે મારા ઘરે આવી ગયેલા. મારા બનેવીનુ અન્ય સ્ત્રી સાથે અફેર હોવા બાબતે મારી બહેન પાસે તેમના ફોટા તથા ફોનની વિગતો હતી જે આધારે મારી બહેને જણાવેલુ. આ સિવાય બીજુ કંઇ મારી બહેન સાથે થયેલુ નહિ. મારી બહેને આ બાબતે પોલીસ ફરીયાદ કરેલી. શ્વેતાબેન મારી મોટી બહેન સાથે દોઢ વર્ષથી રહેતા હતા. મારા બનેવીએ કે મારા બહેનના સાસુએ મારી બહેનને કોઇ શારીરિક માનસિક ત્રાસ આપેલ હોય તેવુ બનેલ નથી.

**(૧૩)** ઉપરોકત મુજબનો ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતા ફરીયાદપક્ષ તરફે ઉપરોકત વિગતોએ ફરીયાદી તથા સાહેદોએ સોગંદ ઉપર જુબાની આપેલ છે તેનુ ઝીણવટભરી રીતે મુલ્યાંકન કરવામાં આવે તો, આંક–૧૯ થી તપાસેલ

ફરીયાદી પોતાની જુબાનીમાં જણાવે છે કે તેઓને તેમના પતિ કે સાસુએ શારીરિક માનસિક ત્રાસ કે ખરાબ ગાળો બોલી મારઝુડ કરેલ હોય તેમ બનેલ નથી કે તેઓને છુટાછેડા આપી દેવા દબાણ કરતા હોય તેમ પણ બનેલ નહી હોવાની હકિકત રેકર્ડ ઉપર આવેલ છે. તેમજ ફરીયાદી તેઓની ઉલટતપાસમાં જણાવે છે કે, તેઓને તેમના પતિ સાથે સમાધાન થઇ ગયેલ છે અને તેઓ છેલ્લા ત્રણ–ચાર માસથી તેમના પતિ અને સાસુ સાથે સારી રીતે રહે છે. તેમજ જે તે વખતે તેમના પતિ અલગ રહેતા હતા જેથી તેઓએ આવેશમાં આવી હાલની ફરીયાદ આપેલી. આ કામના સાહેદો તેમની જુબાનીમાં ફરીયાદી તથા આરોપીઓ વચ્ચે માત્ર સમાન્ય બોલાચાલી થયેલ હોવાનુ અને તે સીવાય આરોપીઓએ ફરીયાદીને કોઇ શારીરિક માનસિક ત્રાસ આપેલ હોય તેવી હકિકતોનો ઇન્કાર કરેલ છે. તેમજ બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા તેઓની કરવામાં આવેલ ઉલટતપાસમા પણ તેઓએ ફરીયાદીને તેમના પતિ સાથે સામાધાન થઇ ગયેલાનુ અને બનાવમાં સમાન્ય બોલાચાલી સીવાય બીજુ કંઇ બનેલ નહી હોવાની હકિકતો જણાવી તેમજ ફરીયાદી હાલ તેમના પતિ અને સાસુ સાથે પખાજણ મુકામે બાળકો સાથે રહેતા હોવાની હકિકતો કબુલ કરે છે. આમ, હાલના કામે તપાસવામા આવેલ ફરીયાદી તેમજ સાહેદોની જુબાનીથી ફરીયાદપક્ષ હાલના આરોપીઓ તથા ફરીયાદી વચ્ચે હાલ સુખદ સમાધાન થઇ ગયેલ હોય અને તેઓ સાથે રહેતા હોય, તેમજ ફરીયાદી પોતે ફરીયાદમાની હકિકતોનો ઇન્કાર કરી તેઓએ આવેશમાં આવી હાલની ફરીયાદ આપેલ હોવાની હકિકત કબુલ કરતા હોય આ કામના **મુદા નં. ૧ નો જવાબ નકારમાં** આપી **મુદા નં. ૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

(૧) આ કામના આરોપી **(૧) મહેન્દ્રભાઇ ભરતભાઇ પરમાર, (૨) નયનાબેન ભરતભાઇ પરમાર,** બંને રહે. પખાજણ, પરમાર ફળીયુ, તા. વાગરા, જિ. ભરૂચ. **(૩) ભાવનાબેન યુવરાજસિંહ સોલંકી,** રહે. ઘર નં. ૮૩, રાજીવનગર–૨, મીરા સોસાયટીની બાજુમાં, દિવાળીપુરા રોડ, વડોદરા.

જિ. વડોદરા મુળ રહે. ધારાપુર ગામ રોડ પર, તા. શહેરા, જિ. પંચમહાલનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૧ અન્વયે બી.એન.એસ કલમ-૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૫૪ તથા દહેજધારા કલમ-૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૧ અન્વયે આરોપીઓના જામીન તથા જાત મુચરકો અપીલના સમય માટે લંબાવી આપવા અથવા જામીનદાર ઉપલબ્ધ ન હોય તો દરેક આરોપીએ અપીલના સમય માટે રૂા. ૫૦૦૦/- (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના નવા જામીન તથા એટલી જ રકમના જાત મુચરકો આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ ચુકાદો આજરોજ **તા. ૧૨ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. ૧૨/૦૩/૨૦૨૬
સ્થળ : વાગરા

**(આર. સી. સોઢાપરમાર)**
એડી. ચીફ જયુડી. મેજિસ્ટ્રેટ,
વાગરા,